સાદી રેતી ખનિજના ખોદકામ માટે નિયંત્રણો લાગુ કરવાની ગાઇડલાઇન્સ બાબત

ગુજરાત સરકાર,
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ પીઆઇએલ/૨૦૧૧/એચસી-૧૪(૬)/છ,
સચિવાલય, ગાંધીનગર

તારીખઃ ૨૭/૧૨/૨૦૧૨

વંચાણે લીધાઃ

૧. વન અને પર્યાવરણ વિભાગનો તારીખ ૨૨/૦૮/૨૦૧૨નો પત્ર ક્રમાંકઃ ઇએનવી/૧૦/૨૦૧૨/પીઆઇએલ-૨(૬)/ઇ

૨. રેતી ખોદકામની બાબતો અંગેની વન અને પર્યાવરણ વિભાગની સમિતિની તારીખ ૦૮/૦૮/૨૦૧૨ના રોજ યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધનો મુદ્દા નં.૬

3. ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરીનો તારીખ ૨૯/૦૮/૨૦૧૨નો પત્ર ક્રમાંકઃ સીજીએમ/લીઝ/હાઇકોર્ટમેટર/૩૭૨૬

આમુખઃ

નામ. ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ PIL No. 6/2011, MURJI LAKHA BAROT V/S STATE OF GUJARATમાં નામ. હાઇકોર્ટે આપેલ નિર્દેશ અનુસાર The Kerala Protection of River Banks and Regulation of Removal of Sand Act, 2001ની જોગવાઇઓ ગુજરાત રાજયમાં કેટલે અંશે લાગુ કરી શકાય તેનો અભ્યાસ કરવા માટે વન અને પર્યાવરણ વિભાગના અગ્રસચિવશ્રીના અધ્યક્ષસ્થાને એક કમિટિ રચવામાં આવેલ છે તેની તારીખ ૦૮/૦૮/૨૦૧૨ના રોજ યોજાયેલ બેઠકમાં સાદી રેતી ખનિજના ખોદકામ માટે કેટલાંક નિયંત્રણો લાગુ કરવાની બાબત વિચારણા કરવામાં આવેલ છે. તે બેઠકમાં સૂચવાયેલ નિર્ણયો પૈકી રાજયમાં સાદી રેતી ખનિજના ખોદકામ માટે નિયંત્રણો લાગુ કરવા અંગે ગાઇડલાઇન્સ બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પરિપત્રઃ-

પુખ્ત વિચારણાને અંતે રાજય સરકારે સાદી રેતી ખનિજના ખોદકામ માટે નીચે દર્શાવ્યા મુજબની ગાઇડલાઇન્સ બહાર પાડવાનું ઠરાવેલ છે.

**૨. ગાઇડલાઇન્સઃ-**

૧. સવારે ૬-૦૦ કલાક પહેલાં અને સાંજે ૬-૦૦ કલાક પછી સાદી રેતી ખનિજનું ઉત્ખનન કરી શકાશે નહીં અને જો આ સમય દરમ્યાન રેતીનું ઉત્ખનન કરાશે તો તે બિનઅધિકૃત ખાણકામ ગણાશે.

૨. માત્ર નદી પટ્ટમાંથી જ સાદી રેતી ખનિજના ઉત્ખનનની પરવાનગી આપી શકાશે અને નદી કાંઠાથી લઘુત્તમ ૨૫ મીટરના અંતરમાં રેતી ખનિજ ભરવા માટે કોઇ વાહન ઉભુ રાખી શકાશે નહીં અને નદી કાંઠાથી ૧૦ મીટરના અંતરમાં રેતી ખનિજનું ખોદકામ કરી શકાશે નહીં. ડીસ્ટ્રીકટ એરીઆ કમિટિએ નિયત કરેલ હોય તેટલા જથ્થા કરતાં વધુ જથ્થો કોઇપણ સ્થળેથી ઉપાડી શકાશે નહીં.

૩. જે સ્થળોએ નદીના પાણી સાથે ખારા પાણીના ભળી જવાની શક્યતા હોય તેવા સ્થળોએ સાદી રેતી ખનિજનું ઉત્ખનન કરી શકાશે નહીં.

૪. રાજય સરકાર તરફથી સામાન્ય સૂચનાઓ અથવા કોઇ ખાસ હુકમથી પ્રતિબંધિત કરેલા હોય તેવા વિસ્તારમાં તેમજ ડીસ્ટ્રીકટ એરીઆ કમિટિએ નક્કી કરેલ જથ્થાની વધુ સાદી રેતીનું ઉત્ખનન થઇ શકશે નહીં.

૫. કોઇપણ સિંચાઇ પ્રોજેકટ કે પુલથી ૫૦૦ મીટરના અંતરમાં રેતી ખનિજનું ખોદકામ કરી શકાશે નહીં.

૬. નદી પટ્ટમાં મહત્તમ ત્રણ મીટરની ઉંડાઇ સુધી જ રેતીનું ખોદકામ કરવાનું રહેશે.

૭. આ ગાઇડલાઇન્સ પૈકીની કોઇપણ શરતના ભંગ બદલ ખાણ અને ખનિજના કાયદા/નિયમો હેઠળ પગલાં લેવામાં આવશે.

૮. રાજય સરકાર તરફથી ખાણ-ખનિજને લગતી વખતોવખત નક્કી થતી નીતિનું પાલન કરવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શ્રીદેવી શુકલ)
સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિઃ

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર *
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉદ્યોગ અને ખાણ)ના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(પાણી પુરવઠા), નર્મદા, જસં, પાપુ અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(માર્ગ અને મકાન), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(જળસંપત્તિ), નર્મદા, જસં, પાપુ અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, વાહનવ્યવહાર, બ્લોક નં. ૬, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાયબ સચિવ/સંયુકત સચિવ/ખા.ફ.અ.(ખાણ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્ય જીવન), બ્લોક નં. ૧૪, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, પર્યાવરણ ભવન, સેકટર નં. ૧૦-એ, ગાંધીનગર
- અધિક નિયામકશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- સર્વે જીલ્લા પોલીસ વડાશ્રીઓ
- સિલેકટ ફાઇલ- છ શાખા, છ૧ શાખા

* પત્રથી